1994 થી પહોંચાડાતી સંખ્યાબંધ નિષ્ણાત વકીલાત સેવાઓ આગળ વિકસાવવા અને સંચાલન કરવા સાઉથ ઑફ ઇંગ્લેન્ડ ઍડવોકેસી પ્રોજેક્ટ્સ (SEAP-દક્ષિણ ઇંગ્લેન્ડની વકિલાત યોજનાઓ) ની રચના નોંધાયેલી ચેરિટી (દાતા સંસ્થા) અને લિમિટેડ કંપની તરીકે 2000 માં કરાઇ હતી.

સશક્તિકરણ અને વ્યક્તિ-કેન્દ્રિત આચરણ વાસ્તવિકતા બને જે સેવાઓ મેળવતા લોકોના જીવનમાં ખરેખર તફાવત ઊભો કરે તે સુનિશ્ચિત કરવા SEAP સંસ્થાએ વકીલાતના વિકસતા ધોરણોમાં ફેરફાર લાવીને અને સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરોએ સ્થાપિત વિચારોને પડકારીને ઊંચી ગુણવત્તાની સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિષ્ઠા વિકસાવી છે.

સંસ્થાનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓનો ઉપયોગ કરતા લોકોના મંતવ્યો, ઇચ્છાઓ અને લાગણીઓ સેવા પૂરી પાડનાર લોકોને પ્રોત્સાહિત કરાય; અને ચોક્કસ મુદ્દાઓનો ઉકેલ લાવવા ઇચ્છતા એકલદોકલ વ્યક્તિઓ કે સમૂહોને વકીલાત સહાય પૂરી પડાય. તે આ મુખ્યત્વે બે રીતે હાંસલ કરે છેઃ

- ઍડવોકેટ્સ ગ્રાહકોની ચોક્કસ મુશ્કેલીઓ, ચિંતાઓ, કે ફરિયાદોને સંબંધિત માહિતી, સહાય અને પ્રતિનિધિત્વ પૂરું પાડે છે.
- સંસ્થા સેવા આયોજન, અમલીકરણ અને દેખરેખ ગ્રાહકના અનુભવોને હાર્દમાં રાખીને કરે એ સુનિશ્ચિત કરવાનો હેતુ ધરાવીને સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે સેવા પૂરી પાડનારા લોકો સાથે સીધી રીતે કામ કરે છે.

SEAP યોજનાઓ મુદ્દા-આધારિત, સામાજિક દાખલો બેસાડતી વકીલાત અને સંબંધિત સેવાઓ વિશાળ શ્રેણીના નીચે જણાવ્યા સહિતના ગ્રાહક સમૂહોને પૂરી પાડે છેઃ

- માનસિક આરોગ્ય મુદ્દાઓ ધરાવતા પુખ્ત લોકો
- બાળકો અને જુવાન લોકો
- શીખવામાં અક્ષમતા ધરાવતા પુખ્ત લોકો
- NHS આરોગ્ય સંભાળ વિશે ફરિયાદો કરવા ઇચ્છતા પુખ્ત લોકો અને બાળકો/જુવાન લોકો
- શારીરિક વિકલાંગતા ધરાવતા પુખ્ત લોકો
- ઇન્દ્રિયો સંબંધિત નબળાઇઓ ધરાવતા લોકો
- વૃદ્ધ લોકો

વકીલાત નીચે જણાવ્યા સહિતની, વિવિધ ગોઠવણોમાં પૂરી પડાય છેઃ

- સુરક્ષિત એકમો
- હૉસ્પિટલો
- દિવસે સેવાઓ આપનાર ડે સર્વિસીસ
- કિશોર વયના લોકો માટે માનસિક રોગની સારવારના એકમો
- બાળકોના ઘરો
- ફોરેન્સિક માનસિક રોગની સારવારના એકમો
- સંભાળગૃહો
- કારાગૃહો
- આરામગૃહો
- સમાજ-આધારિત યોજનાઓ

ગ્રાહકો અમારી ઑફિસોમાંની એક ઑફિસમાં કે તેઓની પસંદગીના સ્થળે ઍડવોકેટને મળવાનું પણ પસંદ કરી શકે છે.

આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓમાં સેવા પૂરી પાડનાર લોકોને SEAP સેવાઓ સીધી વકીલાત અને અધિકારો-આધારિત તાલીમ પણ પૂરી પાડે છે; અને તે સંસ્થાઓ માટે કર્મચારીઓની ભરતીમાં સંડોવાયેલા સેવા વપરાશકર્તાઓને તાલીમ આપે છે, ટેકો આપે છે અને સશક્ત કરે છે. સેવા વપરાશકર્તાઓ SEAP કર્મચારીઓ માટે આંતરિક ભરતી પ્રક્રિયાઓ અને તાલીમ કાર્યક્રમોનો મધ્યવર્તી ભાગ રચે છે.